

# શ્રધ્ધા : માણસની માનસિક સેનાનો નેપોલિયન

- ચંદ્રકાન્ત મહેતા – અમદાવાદ.

બગીચાની અંદર પરસ્પર વાતો કરતાં અનેક લોકો ચાલી રહ્યાં હતાં. એક એકાંત સ્થળે બેઠેલો હતો. એક તરુણ. એ સાવ એકલો હતો. પરંતુ એ જાણે કોઈની સાથે વાતો કરી રહ્યો હોય એમ અદાથી એકલો એકલો બોલી રહ્યો હતો. 'શું સુંદર પ્રાતઃકાળ છે ! સૂર્યના સોનેરી કિરણો, મધમધતાં ફૂલો દ્વારા ખુશબની ખેરાત, આંખોમાં સપનાની વણઝાર લઈને ઘૂમતાં નરનારી, મારે પણ આજના દિવસને પૂરેપૂરો માણવો છે. અને સંધ્યાકાળ પહેલાં આજના દિવસને પણ કશુંક આપવું છે ! આજે ગમે તેવી આકરી કસોટીની ક્ષણો ઉપસ્થિત થશે, હું મારા આત્મસંયમને હિમાલય જેવો અડગ રાખીશ, આજે કોઈ પણ રીતે મારું મનુષ્યત્વ લજવાય, એવું કૃત્ય કરીશ નહી, સમય મને ગમે તેવા દ્રષ્યો દેખાડે, હું ચિંતા, કલેશ, વિષાદ, અને વિખવાદથી અસરગ્રસ્ત બની મારી શક્તિનો દુર્વ્યય નહી થવા દઉં, હે દિવસ-નારાયણ તને પ્રણામ.'

વિશ્વદેવતાના કાન પોતાના માનવસંતાનના ઉદગારો ન સાંભળે તેટલા બહેરા નથી ! કુદરત માણસના જુસ્સાની પણ નોંધ લે છે, અને ગુસ્સાની પણ ! દુઃખદ ઘટનાઓ તો પ્રકૃતિએ માણસને ચકાસવા મોકલેલા પરીક્ષકો છે. આત્મશ્રધ્ધા આપણી પ્રતિકૂળતાની ક્ષણોમાં આપણી સંગે રહેનારી માતા છે. એ આપણી વિજયશકિતનું દ્રઢિકરણ કરવા સદાય આપણને પ્રોત્સાહિત કરતી રહે છે. એટલે માણસે જાતને અવમૂલન કરવાની દુષ્ટવૃત્તિથી દૂર રહેવું જોઈએ. 'હું મારી નિર્બળતાઓને જીતવા શક્તિમાન છું'- એવું જાતને જણાવો એટલે જગન્નિયંતાની કૃપાના કિરણો તમારા અંતઃકરણમાં રેલાવા માંડશે. દિવ્યશક્તિ આપણને પેદા કરી તેને આપણાથી અળગી રાખે છે. ભતૃહરિએ કહ્યું છે તેમ દુનિયામાં ત્રણ પ્રકારના લોકો હોય છે. (૧) તુચ્છ માણસો, જેઓ વિધ્નો આવશે એવા ડરથી કાર્યનો આરંભ કરતા નથી. (૨) મધ્યમ પ્રકારના લોકો, જેઓ વિધ્નો આવતા આરંભેલા કાર્યને છોડી દે છે અથવા અટકી જાય છે. (૩) એવા લોકો જેઓ વિધ્નોની વારંવાર થપાટો ખાધા છતાં અપરાજેય રહી હાથમાં લીધેલું કામ ત્યજી દેતા નથી ! 'હું પોતે જ સદભાગ્ય છું. હું પોતે જ સદગુણ છું અને હું પોતે જ સફળતા છું, કારણ કે સફળતા સર્જક પરમેશ્વરે મને પોતાનું માધ્યમ બનાવ્યો છે.' એવી પ્રબળ આત્મશ્રધ્ધા એકવાર ધરાવી તો જુઓ ! તમે અંદરથી ખાલી રહેશો, તો કુદરત તમારા નસીબમાં ખાલીપો લખશે, અંદરથી ભર્યા ભર્યા રહેશો તો કુદરત તમારું જીવન ભર્યું ભર્યું રાખશે. માણસની સૌથી મોટી કમજોરી બધું જ 'તત્કાળ' મેળવવાની પ્રબળ ખેવના છે ! પ્રાર્થના પણ 'તત્કાળ' ફળવી જોઈએ, સફળતા પણ 'તત્કાળ' મળવી જોઈએ અને કરેલાં સત્કર્મોનો પુરસ્કાર પણ 'તત્કાળ' જ મળવો જોઈએ - એવું માનીને માણસ આવશ્યક ધૈર્યને ગળે સ્વહસ્તે ટૂંપો દેતો હોય છે. કેરીને પાકવાનો અને વેરીને સુધરવાનો પર્યાપ્ત સમય આપવો જોઈએ. કુદરતને 'કદાચ' શબ્દ મંજીર નથી ! કશું પ્રાપ્ત કરવામાં 'કદાચ' માં આપણી નિર્બળતાનો સ્વર છે, 'ચોક્કસ'માં ાપણી શક્તિનો રણકાર છે.

કુદરત માણસનો ન્યાય તોળવા બેસે ત્યારે એક તરફ તેની આંતરિક પવિત્રિતા અને આતમશ્રધ્ધાના કાટલા મૂકે છે. અને બીજી તરફ તેને આપવા પાત્ર ફળ ! ઢીલીઢસ મહત્વકાંક્ષાઓની પાછળ માનવબળ કમજોર કદમે દોડતું રહે એવી નબળાઈ કુદરતને સ્વીકાર્ય નથી એટલે જ કહેવામાં આવ્યું છે કે શ્રધ્ધા એ માણસની માનસિક સેનાનો નેપોલિયન છે ! એકવાર એક સૈનિકે નેપોલિયનને એક અત્યંત મહત્વનો પત્ર જલ્દી પહોંચાડવાનો હતો. એટલે એણે જે ઘોડો હાથે ચડયો એની પર સવારી કરી અને નેપોલિયન પાસે મારતે ઘોડે પહોંચી ગયો ! ઘોડો કમજોર હતો એટલે વિસામો ખાતા વેંત ઢળી પડયો અને મૃત્યુ પામ્યો.

નેપોલિયને પેલા પત્રનો વળતો જવાબ લખાવ્યો અને આવેલા સૈનિકને એક બળવાન ઘોડા પર બેસાડી પત્ર લઈ સત્વરે રવાના થવા કહ્યું. પણ પેલો સંદેશા વાહક સૈનિકે સંકોચ સાથે કહ્યું : 'સેનાધ્યક્ષ મહોદય, હું રહ્યો સામાન્ય સૈનિક. આવી શાનદાર સજાવટવાળો દમામદાર ઘોડો મને ન શોભે.'

નેપોલયિને તરત જ કહ્યુ : 'સૈનિક, તું ફ્રેંચનિવાસી છે. ફ્રેંચ સૈનિકને શાનદારથી ઓછું ના ખપવું જોઈએ.'

મોટા ભાગના માણસો પેલા સૈનિક જેવી વિચારસરણીવાળા હોય છે. ભાગ્યશાળીને મળે તેવી લાયક વસ્તુ મળવાની શકતયાઓ સામે આવીને ઉભી હોય છતાં પોતાને ગેરલાયક માનનાર મનોવૃત્તિ ધરાવતા માણસો ! જાતે સામે યાચક બનીને નહી. અધિકારી બનીને ઊભા રહેવાનું આત્મબળ માણસે કેળવવું જોઈએ. માનવજાતમાં અપાર શક્તિઓનો ભંડાર છે, અને એમાંનો ઘણો મોટો ભાગ હજી આજે પણ વણવપરાયેલો પડયો રહ્યો છે. જે ખેતર ખેડયા વગર તૈયાર પાકની આશામાં રાચે, એના ભાગ્યમાં નિરાશા સિવાય બીજું શું આવે ? ફાટેલી ઝોળી લઈ ઈશ્વર પાસે અખૂટ પ્રાપ્તિનું વરદાન માગવા જવું એ મૂર્ખતા છે !

સ્વેટ માર્ડનના વર્ણવ્યા અનુસાર એસ.ડી. કોલરિજ અત્યંત બુધ્ધિશાળી હતા. તેમનું ભેજું પુષ્કળ ફળદ્રુપ હતું. પરંતુ કોઈ નિર્ધારીત લક્ષ્યનો તેમનામાં અભાવ હતો. પરિણામે તેમનું મન ચંચળ બની જતું અને અનેક જાતના વિચારોમાં ખોવાયેલું રહેતું. એને કારણે એમના ચિત્તનું તરંગીપણું એમની શક્તિઓને ગ્રસી જતું. પરિણામ એ આવ્યું કે તેમનું જીવન નિષ્ફળતાગ્રસ્ત અને દુઃખી બની ગયું. એમનું જીવન તરંગી સ્વપ્નોમાં જ વીત્યું અને સમાપ્ત થઈ ગયું. દરરોજ તેઓ નવો નિશ્ચય કરે, પણ તેને વળગી ન રહે. પરિણામે અપારશક્તિઓ હોવા છતાં આત્મશ્રધ્ધાને અભાવે તેઓ કશું જ ન કરી શક્યા. એમના મૃત્યુ પછી તેમના ઓરડામાં પડેલી ચીજ -વસ્તુઓ તલાશતાં તત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન વિષયક લગભગ ચાળીસ હજાર અધૂરા નિબંધો હાથ લાગ્યા. તે પૈકીનો એકેય નિબંધ તેમણે પૂરો કર્યો નહોતો. કોલરિજ એક નિબંધ લખવાનું શરૂ કરતાં અને થોડોક સમય પછી નવો નિબંધ લખવાનો મનમાં વિચાર આવતો એટલે શરૂ કરેલો નિબંધ આગળ લખવાનું માંડી વાળી બાજા વિષય પર કૂદી પડતા. આવી ડામાડોળ માનસિક અવસ્થામાં આત્મશ્રધ્ધાને વફાદાર નહી રહેવાને કારણે ન તો તેઓ જાત માટે કશું કરી શક્યા કે ન તો પોતાની વિધ્ધતા અને જ્ઞાનનો લાભ સંસારને આપી શક્યા.

આપણી જીંદગીએ પણ હોકાયંત્રની રીતરસમ યાદ રાખવી જોઈએ. હોકાયંત્રની સામે ચમકતો સૂર્ય છે. ચંદ્ર છે, આકાશગંગા છે, ધૂમકેતુ છું, પણ હોકાયંત્રની સોય તો કેવળ ઉત્તર દિશામાં આવેલા એકમાત્ર ધ્રુવ તારકને જ ઓળખે છે. ગમે તેટલાં આકર્ષણો કે પ્રલોભનો આવે પણ ધ્યેય કે લક્ષ્ય પ્રત્યેનું અશેષ સમર્પણ અકબંધ રાખવું એ હોકાયંત્રની સોયની અટલ પ્રતિજ્ઞા છે.

જો તમને વેંતિયાનો રોલ ભજવવા મળે અને એનાથી સંતુષ્ટ થઈ આગળ કશું જ વિચારવાનું છોડી દો તો તમને કુંતીપુત્ર ભીમ બનવાનો મોકો કદાપિ નહી મળે. માણસ મનમાં જેવો સંકલ્પ કરે છે, પ્રગતિનાં એવા દ્વાર ખોલવાની ચાવી કુદરત તેના હાથમાં પકડાવી દે છે. મનુષ્ય તરીકેની યોગ્યતા અને શક્તિનો ભરપૂર લાભ લેવાની આત્મશ્રધ્ધાના જન્મસિધ્ધ હક્કને વટાવવા આપણી જાતને દાવેદાર ન માનીએ તો જગત આપણા કપાળમાં તિલક કરવા ન દોડી આવે એમાં વાંક કોનો ? એટલે જ કહેવાયું છે કે નદીનું પાણી તેના મૂળ કરતાં કદી પણ ઉંચે ચઢી શકતું નથી. તેમ મહાન સફળતા પણ ઉચ્ચ અભિલાષાઓ અને અપરાજેય આત્મશ્રધ્ધા વગર હાંસલ કરી શકાતી નથી. નદી સાગરમાં જઈને વહેતા રહેવાની ઈચ્છા પર પૂર્ણવિરામ મૂકી દે છે. એટલે જ એ નામશેષ બની જાય છે.

- સાભાર ('મહેંકતો રહેજે મનવા') ■

તાજા મઠીઆ ફકત **$7.99 per KG(2.2Lb)** મેળવવા લોગ ઓન કરો: **www.gujaratbazar.com**